

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*હાર્યા છતાં હજી કોમી ઉત્તેજન આપ્યા કરે છે,*
*રોટા રિવાજને હજી પ્રોત્સાહન આપ્યા કરે છે.*
*સંવેદનશીલ છે આ સંબંધ આમ તૂટે નહીં -*
*પશુવૃત્તિ પર હજી નિવેદન આપ્યા કરે છે...*
*(તલ્લાકની તરફેણ)*

### હાઈકુ

*તલ્લાક લાતે*
*તરછોડાયેલી સ્ત્રી -*
*પછી જાય ક્યાં ?!*

*ધીરજ ખૂટે -*
*ને ક્રોધની ક્ષણમાં -*
*જીવન તૂટે !!*

### ચિંતન

*અવ મા પાપ્મન્તસૃજ વશી સન્ મૃડયાસિ નઃ ।*
*આ મા ભદ્રસ્ય લોકે પાપ્મન્ ધેહ્યવિહ્રુતમ્ ॥*

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

જીવનમાં અનેક કષ્ટો અને મુશ્કેલીઓ આવે છે. જેઓ તેમને પ્રયત્નપૂર્વક દૂર કરે છે અને વિચલિત થતા નથી તેવા પુરુષાર્થીઓ જ આનંદ મેળવે છે.

આસુરી વૃત્તિઓ કુવિચારો અને કુસંસ્કારોને જન્મ આપે છે. તેનું આક્રમણ પણ ખૂબ જ જલદ અને દૃઢતા વાળું હોય છે. મનુષ્યે દરેક વખતે પોતાની જાતને એ ચક્રવ્યુહમાં ફસાતાં બચાવવી જોઈએ. જીવનમાં જે કોઈ મુશ્કેલીઓ અને કષ્ટો આવે છે તેનાથી આપણી સંઘર્ષ કરવાની ક્ષમતાનો વિકાસ થાય છે, પરંતુ શરત એટલી જ છે કે આપણું આત્મબળ મજબૂત હોય.

જ્યારે આપણા મનમાં એ વિશ્વાસ જાગૃત થઈ જાય છે તે પરમાત્મા સર્વત્ર રહેલા છે અને આપણા પુરુષાર્થમાં તેઓ અમૂલ્ય સહયોગ આપે છે. ત્યારે આત્મબળ વધે છે અને મુશ્કેલીઓ ભાગી જાય છે. અદમ્ય સાહસ અને દૂરદર્શિતા થકી માર્ગની મુશ્કેલીઓ દૂર થાય છે અને સફળતાના રાજમાર્ગનું નિર્માણ થાય છે.

### સુવિચાર

- હૃદય અને હાથપગ ત્રણેયને તાલીમ આપે તે 'કેળવણી' - **રવિશંકર**
- માનવીમાં સત્ અને અસત્ તત્ત્વોનું મિશ્રણ હોય છે, તેમાં દિવ્ય તત્ત્વ પણ છે, પશુ તત્વ પણ છે, માનવજીવનનો મુખ્ય ઉદ્દેશ્ય પશુતત્ત્વને ખંખેરી, દિવ્યતત્ત્વને ખીલવવું તે છે - **અમૃતબિંદુ**
- નાની નાની બાબતોમાંથી પણ મોટા પ્રભાવશાળી તારણો કાઢવા એ જ તો જીવન જીવવાની 'સફળ કળા' છે - **સાયરસ**
- પૂરેપૂરો વિચાર કરીને જે માણસ પગલું ભરવામાં માને છે એ આખી જિંદગી એક પગ ઉપર જ ઊભો રહે છે - **ચાઈનીઝ કહેવત**
- વિગ્રહ ને સળગાવી જાણનારો જ શાંતિ-સંધિને સાધી શકે છે - **નીતિશાસ્ત્ર**
- સમસ્યાનો ઉકેલ ન ચડે ત્યારે એમાંથી કોઈ હાસ્ય શોધી કાઢો - **સર માલ્કમ શેરીન**
- આજનું ઔષધ : રાઈને ઝીણી વાટી, પાણીમાં પેસ્ટ બનાવી, પેટ ઉપર લેપ કરવાથી ઉલ્ટી મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

કુંભાર અને માટી વચ્ચે વાર્તાલાપ થયો. માટીએ કુંભારને કહ્યું, 'તમે અમારામાંથી જુદીજુદી વસ્તીઓ બનાવો છો. પરંતુ અમને તો કયારેય પૂછ્યું નહીં કે અમારે શું બનવું છે!!' કુંભારે કહ્યું, 'આજે તમે નક્કી કરો કે તમારે શું શું બનવું છે.' કોઈક માઠીના ઢગલાએ કહ્યું, 'મારે માટલું બનવું છે. જેથી હું સૌની તરસ છીપાવી ઠંડું પાણી પીવડાવી શકીશ.' કોઈ માટીના ઢગલાએ કહ્યું, 'મારે રમકડા બનવું છે મારે સુંદર દેખાવું છે અને ભૂલકાઓને ખુશ કરવા છે.' તાવડી બનવાનું સ્વીકારનાર માટીએ કહ્યું, 'ભલે હું ચૂલા પર શેકાઉં, પણ મારે મીઠા રોટલા બનાવી બધાની ભૂખ સંતોષવી છે.' ચૂલો બનવાનું પસંદ કરનાર માટીએ કહ્યું, 'ભલે હું ગરમીમાં શેકાઈ જાઉં પરંતુ મારે ભોજન બનાવવામાં મદદ કરી સૌની ભૂખ સંતોષવી છે.' લગભગ બધાએ પોતાની પસંદગીનું કારણ આપ્યું જો કે ચલમ બનવાનું પસંદ કરનાર માટી પાસે આવો કોઈ વિચાર નહોતો. તેની પસંદગી કદાચ ખોટી હતી. ચલમ તો પોતે પણ બળતી રહે અને બીજાને પણ બાળે. જીવનમાં નિર્ણય સમજી-વિચારીને કરો અને એવો કરો જે પોતાને સમાજને ફાયદારૂપ - મદદરુપ બને.

# વરસાદના જળને ભૂગર્ભમાં સાચવવાની જરૂર

### તંત્રીસ્થાનેથી...

ગુજરાતમાં ચોમાસું જામ્યું છે અને હવે લગભગ દરેક વિસ્તાર પૂરતા પ્રમાણમાં ભીનો થયો છે. ઋતુચક્રના ટાઈમટેબલમાં જરૂર ફેરફાર થયો છે જેને લીધે જૂનના છેલ્લા અઠવાડિયાથી જુલાઈના મધ્ય સુધીમાં થવો જોઈતો વરસાદ જુલાઈના અંત ભાગમાં વરસ્યો છે. આષાઢ કોરો ગયો છે. શ્રાવણ વરસી રહ્યો છે અને કેટલેક ઠેકાણે તો રૌદ્ર રૂપ ધારણ કરી ચૂક્યો છે. આવી અનિયમિતતા પાછળ વૈજ્ઞાનિકો અને હવામાનશાસ્ત્રીઓ ગ્લોબલ વોર્મિંગથી લઈ બીજાં ઘણાં કારણો દર્શાવી શકે. વાવાઝોડાએ ગુજરાતનું ચોમાસું આઘું પાછું કરી દીધું એવું કારણ પણ દર્શાવાતું રહ્યું છે. પ્રશ્ન એ છે કે ચાલો, મોડું વહેલું પણ ચોમાસું બેઠું છે અને જામ્યું છે અને દુષ્કાળ કે અછતનો ભય ટળ્યો છે બલકે વડોદરા, સુરત અને રાજકોટ કે ખંભાત જેવાં સ્થળોએ તો અતિવૃષ્ટિથી થયેલ નુકશાન સામે પગલાં લેવાની નોબત આવી છે. અતિવૃષ્ટિનાં પાણી ઓસરી ગયા પછી રોગચાળો ફાટી નીકળવાની શક્યતા રહેતી હોય છે, તંત્ર એ દિશામાં કામે લાગી ગયું છે. તંત્ર સંતોષકારક કામ કરી રહ્યું છે એની પણ નોંદ લેવી જ રહી. વાવાઝોડાનો હાઉ એટલો મોટો હતો કે પૂર્વ તૈયારીઓ પણ એટલી જ મોટા પાયે કરવામાં આવી હતી. વડોદરામાં આભ ફાટ્યું એમાં તંત્ર એટલી સતર્કતા નથી દાખવી શક્યું. આખરે કુદરતી આફત આવે છે ત્યારે કહીને નથી આવતી. વિજ્ઞાન જરૂર મદદે આવી શકે છે પણ ફાંટબાજ કુદરત ઘણી વાર વિજ્ઞાનને પણ નથી ગાંઠતી. વાવાઝોડું ફંટાઈ ગયું - લગભગ નહીંવત અસર થઈ, જયારે વડોદરા, રાજકોટ અને સુરતમાં વરસાદ ધારણા બહારનું નુકશાન કરી શકે છે. મહાનગરો પાસે તો કોઈ પણ કુદરતી આફતનો સામનો કરવાની ક્ષમતા હોવી જોઈએ. આપણે આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસનારી પ્રજા છીએ. કુદરતી આફતો વિરુદ્ધ જાપાન જે રીતે ચોવીસે કલાક સજ્જ રહે છે અને છતાં વિકાસની કૂચમાં પણ એનું સ્થાન અગ્રિમ હરોળમાં ટકાવી શકે છે એવી પરિસ્થિતિ ભારતમાં સરજાતા કદાચ દાયકાઓ લાગી જશે. એવું નથી કે આપણી પાસે સંસાધનોની તાણ પ્રવર્તતી હોય. એ દૃષ્ટિએ તો હવે દુનિયા આખી ભારતના બજારને તરસીડાંસ નજરે જોતી રહે છે. ટ્રમ્પ જેવા માથાફરેલ નેતા ભારતને નમાવી નથી શકતા કારણ કે ભારત વગર અમેરિકા પણ પાંગળું બની રહે એમ છે. કાશ્મીર પ્રશ્ને મધ્યસ્થી કરીને એમને શાંતિનું નોબેલ મેળવવું છે. એ માટે એમણે ઈમરાનખાનને તો મોઢામાં આંગળાં નાખીને પોતાની ઈચ્છા મુજબનું નિવેદન કરાવ્યું પરંતુ ભારતના વડાપ્રધાને એની નોંધ સરખી નથી લીધી. વિદેશમંત્રીએ જ બારોબર જણાવી દીધું કે કાશ્મીર મુદ્દે ત્રીજી કોઈ સત્તાની મધ્યસ્થીની જરૂર નથી. હાલ કાશ્મીરમાં ઊકલતો ચરુ છે. કંઈક 'મોટું' થવાની - કોઈ ઐતિહાસિક નિર્ણય લેવાની સંભાવના છે. પરંતુ એમાં પણ વિશ્વની કહેવાતી મહાસત્તાઓ માથું મારવાની હિંમત નથી કરી શકી તેની નોંધ પણ લેવી જોઈએ. છેક ચંદ્ર અને મંગળ સુધી આણ પ્રવર્તાવી શકતું ભારત પોતાનો પોતાના પ્રાકૃતિક સંતુલનની દરકાર નથી કરી શક્યું અને આડેધડ વિકાસના નામે વિનાશ વેરાતો ચાલ્યો છે એની અસર વરસાદના ઋતુચક્ર પર થઈ છે. આપણે દેશ કૃષિજીવી છે. એને વરસાદ વગર નહીં ચાલે. પરંતુ વરસાદ કેવો ? સમયસરનો અને પાકને અનુકૂળ હોય એવો. આ સંતુલન ખોરવાયું છે. વળી આટઆટલા વરસાદ પછી પણ ઘણી જગ્યાએ પાણીના સાંસા પડે છે? વરસાદી પાણીથી ભૂગર્ભ જળ રિચાર્જ થાય એ પ્રકારની વ્યવસ્થા ગામેગામ ગોઠવાવી જોઈએ. અત્યારે તો વરસેલાં પાણી વેડફાઈ રહ્યાં છે!

# શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ (હથીયાર ધારો)



### કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

તાજેતરમાં જ હથીયાર ધારો ખૂબ જ ચર્ચામાં આવ્યો છે એક સાંસદે હાથમાં ગન રાખી ડાન્સ કરતો વીડીયો વાયરલ થતા લોકોને કુતુહલ થયુ કે વગર પરવાનગીએ આટલા હથીયાર કેવી રીતે એક સાંસદ રાખી શકે.

આઝાદી પહેલા દેશમાં હથીયારો બનાવવા, રાખવા કે વેચવા માટે કોઈ જ કાયદો અમલમાં હતો નહી, કોઈપણ વ્યક્તિ ગમે તે હથીયાર ધારણ કરી શકતો હતો.

અંગ્રેજો સામે ૧૯૫૭ માં બળવો થતા આ બળવાએ અંગ્રેજોની ગુલામીમાંથી ભારતને આઝાદ કરવાનો સ્વતંત્ર સંગ્રામનો પાયો નંખાયો, બ્રિટીશરાજ દરમ્યાન ૧૯૫૮ માં ભારતમાં લોર્ડ લાયરનની ગર્વનર તરીકે નિમણુંક કરવામાં આવી તેણે ભારતીયો બ્રિટીશરો સાથે શસસ્ત્ર હુમલો કરી બળવો ના કરી શકે તે માટે હથીયાર રાખવા માટે પ્રતિબંધ મુકયો.

કમીટીએ આપેલા રીપોર્ટ મુજબ સૌ પ્રથમ ૧૯૭૮ માં આર્મસ એકટનો કાયદો ઘડવામાં આવ્યો જેમાં પરવાનગી વગર કોઈ પણ વ્યક્તિ હથીયારનું ઉત્પાદન, વેચાણ કે ધારણ કરી શકે નહિ. અંગ્રેજોને આ કાયદામાંથી મુક્તિ આપવામાં આવી. હથીયાર ધારણ કરવા માટે લાયસન્સ પ્રથા અમલમાં આવી. ગેરકાયદેસર બંદુક રાખનારને ત્રણ વર્ષની જેલની સજા કરવામાં આવતી આ કાયદો ૧૯૪૭ સુધી અમલમાં હતો.

આઝાદી બાદ ૧૯૫૯ માં ભારત સરકાર દ્વારા સંસદમાં સુધારા અધિનિયમ પસાર કરીને અંગ્રેજો દ્વારા બનાવવામાં આવેલા ૧૮૭૮ ના હથીયાર પરવાના કાયદામાં સુધારો કરીને ધી આર્મસ એકટ ૧૯૫૯ ઘડવામાં આવ્યો જેમાં ૬ પ્રકારના હથીયારનો સમાવેશ કરવામાં આવ્યો. જેમાં હથીયારનું ઉત્પાદન, વેચાણ, આયાત, નિકાસ, હેરાફેરી તેમજ દારૂગોળાની વ્યાખ્યા તથા હથીયાર પરવાનગી તેમજ કાયદાના નિયમનું પાલન કરવાની જોગવાઓનો સમાવેશ કરવામાં આવ્યો તેમજ ગુન્હાઓ અને તેની સજાઓ કુલ ૪૬ કલમ સાથે હાલમાં હથીયાર અધિનિયમ ૧૯૫૯ અમલમાં છે.

વગર લાયસન્સે હથીયાર ધારણ કરવા બદલ પેરા ૩(૧) મુજબ પગલા ભરવામાં આવે છે જેમાં ગેરકાયદેસર હથીયાર રાખવું, બનાવવું, આયાત, નિકાસ કરવી કે દારૂગોળો બનાવવો તેમજ તેનું પરીક્ષણ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ગેરકાયદેસર હથીયાર માત્ર ધારણ કરવા માટે ૩(૨૫) મુજબ પગલા ભરવમાં આવે છે.

ભારતમાં જેહાદ પ્રવૃત્તિને રોકવા માટે ગેરકાયદેસર હથીયાર ધારણ કરવા ઉપર પ્રતિબંધ મુકી એન્ટી ટેરરીસ્ટ એકટ મુજબ પણ પગલા ભરવાનો નિર્ણય કરવામાં આવ્યુ છે. કાશ્મીર વિસ્તારમાં મદરેશામાંથી મોટા પ્રમાણમાં ઘાતક હથીયારો પકડાતા તેમના ઉપર રાષ્ટ્રદ્રોહનો ગુન્હો પણ દાખલ કરવામાં આવ્યો છે.

મોટા પ્રમાણમાં આંતકી પ્રવૃત્તિઓને વેગ આપવા માટે વિદેશમાંથી બોર્ડર ઉપરના દેશમાંથી ગેરકાયદેસર રીતે મોટા જથ્થામાં હથીયારો ભારતમાં ઘુસાડવામાં આવ્યા છે. જે હથીયારો પકડાતા આર્મસ એકટ તથા એન્ટી ટેરરીસ્ટ એકટ મુજબ પણ પગલા ભરવામાં આવે છે. આતંકી પ્રવૃત્તિને નાથવા માટે ગેરકાયદેસર શસ્ત્રોની હેરાફેરી અટકાવવા માટે તથા જેહાદી પ્રવૃત્તિને અંકુશમાં લેવા ખુબ જ સખ્તાઈથી સરકાર દ્વારા આર્મસ એકટમાં સુધારા કરવામાં આવ્યા છે.

ચૂંટણી સમયે હથીયાર પરવાનાવાળાઓએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં હથીયાર જમા કરાવવાનો નિયમ પણ અમલમાં મુકેલ છે જેથી ચૂંટણી સમયે ધાક, ધમકી, ભય દેખાડી હિંસા ફેલાવી કોઈ વોટ ના મેળવી શકે અને નિર્ણય અને સલામતી પૂર્વક નિષ્પક્ષ ચૂંટણી યોજી શકાય.

હથીયાર પરવાનો ધારણ કરનારે તેની નોંધ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ચોપડે નોંધવી પડે છે તથા કેટલી બુલેટ ફોડી તેની વિગતો પણ આપવી પડે છે. લાયસન્સ ધારક દુકાનદારો પાસેથી જ બુલેટ નોંધાવી મેળવવાની હોય છે તથા એક એક બુલેટ કયા કેવી રીતે ઉપયોગ કર્યો તેનો હિસાબ રજુ કરવાનો હોય છે આનો ભંગ કરનાર સામે આર્મસ એકટ ૧૯૫૯ ની પેટા કલમ ૨૫ મુજબ પગલા ભરવામાં આવે છે.

હથીયાર પરવાનગીની મંજુરી જીલ્લા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ જ આપી શકે છે. સ્વરક્ષણ, પાક રક્ષણ જેવા હથીયારો બંદુકો, પીસ્તોલ, બારબોર બંદુક વિગેરેનું લાયસન્સ મેળવવા માટે સ્થાનિક જીલ્લા કલેકટરશ્રીને નિયત ફોર્મમાં, નિયત ફી ભરી અરજી કરવાની રહે છે. જીલ્લા કલેકટર દ્વારા પોલીસ વેરીફીકેશન મેળવી ત્યારબાદ ખરાઈ કરી યોગ્ય લાગે તેને હથીયાર પરવાનો કાઢી આપે છે જે દર ત્રણ વર્ષે રીન્યુ કરાવવાનો હોય છે. જીલ્લા કલેકટર અથવા પોલીસ વડાને યોગ્ય લાગે તો આવા લાયસન્સ પરવાના રદબાતલ ઠરાવી શકે છે. અરજ ના મંજુર કરી શકે છે અથવા આપેલ લાયસન્સ પરત મેળવી શકે છે. ગેરકાયદેસર હથીયાર રાખવું એ આર્મસ એકટની કલમ ૩(૧) મુજબ ગુન્હો બને છે.

લાયસન્સ ધારક પરવાના મેળવેલ હથીયારથી આમ નાગરિકનો જીવ જોખમમાં મુકે તેવું કૃત્ય કરવાનું હોતું નથી તથા સામાન્ય માનવીને ડરાવી ધમકાવી પોતાનો ઉદ્દેશ સીધ્ધ કરવાનો રહેતો નથી આવા પ્રકારની ફરીયાદ મળતા પરવાનો રદ કરી શકે છે જેમાં ત્રણ વર્ષની સજાની જોગવાઈ છે.

ભારતમાં ગેરકાયદેસર રીતે હથીયાર રાખવું, વેચવું, હેરાફેરી કરવી તથા ઉત્પાદન કરવું એ આર્મસ એટક ૧૯૫૯ મુજબ ગુન્હા પાત્ર સજા છે વગર પરવાનગીએ હથીયાર ધારણ કરવું એ ભારતમાં ગુન્હો છે જેની સજા તથા દંડ કોર્ટ કરી શકે છે.

# મેહુલો ગાજે ને માધવ નાચે, રૂમઝૂમ વાગે પાય ઘૂઘરડી રે...



### WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

**'મેહુલો ગાજે ને માધવ નાચે, રૂમઝૂમ વાગે પાય ઘૂઘરડી રે,**
**તાલ પખાજ વજાડે રે ગોપી, વહાલો વજાડે વેણુ વાંસલડી રે!'**
**- નરસિંહ મહેતા**

વરસાદ વિષે કેટકેટલા લેખકો, કવિઓ અને સાહિત્યકારોએ લખ્યું છે પણ આટઆટલા વર્ષો પછી પણ ભક્ત કવિ નરસિંહ મહેતાનું આ કાવ્ય આજ સુધી એનો રસ જાળવી શક્યું છે. આપણી આ ગુજરાતી ભાષાની આ જ મુખ્ય ખાસિયત છે કે અમુક સુંદર કૃતિ એટલી અદ્ભૂત રીતે લખાયેલી હોય છે કે તે જાણે અમર થવાને જ સર્જાયેલી છે !

વરસાદની આ મોસમ પ્રેમની મોસમ, ધરતીના લીલાછમ્મ વાઘાની મોસમ, કવિઓ અને લેખકોની મનગમતી મોસમ અને એ બધાથીએ વધુ એક ખેડૂતની મહેનતની મોસમ ! કવિશ્રી નાનાલાલ દવે લખે છે :

**"સોનાવરણી સીમ બની,**
**મેહુલિયે કીધી મ્હેર રે,**
**ભાઈ ! મોસમ આવી મહેનતની.**
**રળનારા તે માનવી**
**ને દેનારો ભગવાન રે... ભાઈ ! મોસમ..."**

પર્યાવરણ અને કુદરત પ્રત્યેની આપણી બેદરકારીને કારણે ગ્લોબલ વોર્મિંગના પ્રશ્નો જયારે વધુને વધુ તીવ્ર થતા જાય છે એવા આજના આ સમયમાં વરસાદની આ મોસમની શરૂઆત ખાસ્સી મોડી થઈ અને થઈ ત્યારે ભયાનક અને પ્રકોપ દેખાડી ડરાવતી હોય તેમ થઈ. પ્રજાતંત્રનો આક્રોશ લોકો પર અને લોકોનો આક્રોશ કુદરત પર વરસી પડ્યો. વરસાદ અમુક વિસ્તારમાં આક્રોશની જેમ ઠલવાયો અને અમુક વિસ્તારોમાં કોરોધાકોર માહોલ પણ રહ્યો. કુદરતનું વર્તન જયારે આપણા જેવું જ અપેક્ષા બહારનું થવા લાગે ત્યારે જ આપણને આપણી ભૂલ સમજાય છે. આપણે ઉનાળામાં કાળઝાળ ગરમીમાં સતત એ.સી.ની ઠંડી હવામાં જ બેસી રહેવાનું પસંદ કરીએ છીએ. પણ વૃક્ષોનું આડેધડ છેદન, એ.સી.નો વધુ પડતો ઉપયોગ કુદરતનું સંતુલન સતત ખોરવી રહ્યું છે, શું તમે જાણો છો કે એક રતલ કાગળ બનાવવામાં ૨૪ ગેલન પાણી વપરાય... એક ટન સીમેન્ટ બનાવવામાં ૬૫,૦૦૦ ગેલન પાણી વપરાય... એક મોટા મકાનને 'એર - કન્ડીશન્ડ' કરવા માટે રોજનું ૩૦ લાખ ગેલન પાણી જોઈએ - એટલે કે ૨૫,૦૦૦ની વસ્તીનું ગામ એક દિવસમાં વાપરે તેટલું ! જો હવે આપણે આમ જ પાણીનો દુર્વ્યય કરતા રહીશું તો આવનારા વર્ષોમાં આપણને એન આપણી ભાવિ પેઢીને પાણીની ભયંકર અછત વર્તાશે એ વાત નક્કી છે !

ગઈકાલે જ 'ફ્રેન્ડશીપ ડે' ની ઉજવણી વોટ્સએપ, ફેસબુક અને કયાંક રૂબરૂમાં પણ થઈ ત્યારે ડોંગરેજી મહારાજની આ વાત ખાસ યાદ રાખવા જેવી છે : દરેક મનુષ્યને એક મિત્ર હોય છે તે હંમેશ એને ગુપ્ત મદદ કરતો જ રહે છે. મનુષ્યને એ કહેતો હોય છે કે, 'ધરતી ખેડવાનું કામ તારું, વરસાદ વરસાવવાનું કામ મારું... બીજ વાવવાનું કામ તારું, અંકુર પ્રગટાવવાનું કામ મારું... તું ખેતર સાચવજે, હું અન્ન પકવીશ... તું ભોજન કરજે, હું અન્ન પચાવીશ.' એ મિત્ર તે જ ઈશ્વર. માનવ જીવ ઈશ્વરનો છૂટે પડેલો અંશ છે. આપણે ત્યાં અત્યારે શ્રાવણ માસમાં વ્રત, ઉપવાસ અને તહેવારો ઉજવાઈ રહ્યા છે ત્યારે મૈત્રી માટે કોઈ વ્રત નથી રાખવાનું પણ મૈત્રી એ એક એવું અમૂલ્ય બંધન છે કે જે આપણે આપણી જાતે જ પસંદ કરીએ છીએ. ગુસ્સે થઈને, નારાજ થઈએ તો પણ 'હવે દોસ્તી પૂરી' એવો સમય કયારેય ન આવે એવું ઈચ્છીએ છીએ. આ જન્મ પૂરતી નહિ સાતેય ભવ આવા જ મિત્રો મળે એવી ઝંખના હોય. કુદરત અને આપણી મૈત્રીમાં આપણે જયારે ચીટીંગ કરીએ ત્યારે વરસાદ ન આવે, આવે ત્યારે ગાંડોતૂર થાય અને વિનાશ સર્જે !

શ્રાવણના વ્રત, ઉપવાસો અને ફ્રેન્ડશીપ ડેની પાર્ટીમાં જયાં પણ મળીએ, કોઈ પણ રીતે ઉજવણી કરીએ કુદરતના ભોગે ન જ થાય તેનો ખાસ ખ્યાલ રાખીએ અને કુદરતની સાથેનું આપણું અનુકૂલન સુધરે તેવા ખાસ પ્રયત્નો કરીએ તો આપણો આ ખેતીપ્રધાન દેશ લીલોછમ્મ બની રહેશે !

**Last Seen :**

**"રેલાઈ આવતી છો ને બધી ખારાશ પૃથ્વીની,**
**સિન્ધુના ઉરમાંથી તો ઊઠશે અણી - વાદળી!"**

**- પૂજાલાલ**

nehalgadhavi101@gmail.com

# યેનકેન પ્રકારેણ જમ્મૂ-કાશ્મીરમાં ભાજપની સરકાર સ્થાપવાનો વ્યૂહ



### અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

જમ્મૂ-કાશ્મીર કોકડાને ઉકેલી દેવા માટે રાજ્યને વિશેષાધિકાર આપતા બંધારણના અનુચ્છેદ ૩૭૦ અને ૩૫ (એ)ને દૂર કરી દેવાના હાકલાદેકારા દેશના સત્તાધારી પક્ષના નેતાઓ કરે છે. સત્તારૂઢ પક્ષના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શિવરાજસિંહ ચૌહાણ અને મોદી સરકારનિયુક્ત રાજ્યપાલ સત્યપાલ મલિક અત્યારે સુપ્રીમ કોર્ટમાં વિચારાધીન એવી ૩૫ (એ)ને દૂર કરવાની હિલચાલ નકારે છે. હજુ ગઈકાલ સુધી કેન્દ્રની સત્તારૂઢ સરકાર જે ત્રાસવાદીમાંથી મુખ્યધારામાં આવેલા રાજનેતા સજ્જાદ લોનને મુખ્યમંત્રી બનાવવાની વેતરણમાં હતી એ પણ હવે આડા ફાટ્યા છે. લોન વિશેષાધિકારને બચાવવાના પક્ષધર બન્યા છે. ભાગલાવાદીઓના ખુલ્લા સમર્થક "બાપ-બેટી"ના પક્ષ પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી) સાથે "ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવના મિલન સમું" જોડાણ કરીને ત્રણ-ત્રણ વર્ષ જમ્મૂ-કાશ્મીરમાં રાજ કરનાર ભારતીય જનતા પક્ષની દાઢ હવે સળકી છેઃ શ્રીનગરમાં કોઈપણ ભોગે પોતાના પક્ષની જમ્મૂ-કેન્દ્રિત સરકાર સ્થાપિત કરવી છે. રાજ્યપાલના શાસન પછી રાષ્ટ્રપતિ શાસન લંબાવ્યે રાખીને હવે ઑક્ટોબર—નવેમ્બરમાં તમામ ૮૭ બેઠકો પર વિધાનસભાની ચૂંટણી લડીને જમ્મૂ-કાશ્મીરને સર કરવું છે. પક્ષના મહામંત્રી રામ માધવનો આ ટંકાર હવે અજાણ્યો નથી. રાજ્યના અત્યાર લગીના તમામ રાજનેતાઓને ભાગલાવાદી કે ભ્રષ્ટાચારવાદી સાબિત કરીને તેમજ બંધારણીય હોદ્દે બેઠેલા રાજ્યપાલ મલિકને મોઢે આતંકીઓ આવા રાજનેતાઓને મારે એવી હાકલ કરાવીને, સમગ્ર ભારતમાં તાલી-નાદ અંકે કરીને, કાશ્મીરના વીસરાયેલા રાજવી લલિતાદિત્યના શાસનને પરત લાવવાની અનુભૂતિ સાથે, ભાજપી મુખ્યમંત્રી શ્રીનગરમાં સ્થાપિત કરવાનો મનસૂબો છે. પ્રજા જેને બહુમતીથી ચૂંટે એને માટે આંખોના છાંયડા કરાય,પણ કાશ્મીર કોકડાને હિંદુ-મુસ્લિમ સમસ્યા ઠરાવવાના પ્રયાસ થાય તો એ ખોટું. જમ્મૂ-કાશ્મીર મુદ્દાની આજે ચોફેરથી એટલી બધી ગાજવીજ છે કે સત્યનું નીરક્ષીર કરવામાં ભલભલા ગોથાં ખાઈ જાય. એકબાજુ,પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાન સાથેની મુલાકાત વખતે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઉંબાડિયું કરવા વદ્યા કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાશ્મીર કોકડું ઉકેલવા માટે મને મધ્યસ્થતા કરવા કહ્યું હતું. પાકિસ્તાની પ્રમુખ ઝુલ્ફીકાર અલી ભુટ્ટો અને વડાપ્રધાન ઈન્દિરા ગાંધી વચ્ચે ૧૯૭૨માં થયેલા સિમલા કરાર ઉપરાંત પાકિસ્તાની વડાપ્રધાન મિયાં નવાઝ શરીફ અને વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની ફેબ્રુઆરી ૧૯૯૯માં લાહોર મંત્રણાને પગલે જાહેર કરાયેલા ઘોષણાપત્રમાં પણ સ્પષ્ટ થયું હતું કે કાશ્મીર કોકડા સહિતના બંને દેશો વચ્ચેના તમામ વિવાદી મુદ્દા બંને દેશો દ્વિપક્ષી મંત્રણાથી જ ઉકેલશે.અગાઉ ચીન સહિતનાં દેશોએ મધ્યસ્થી કરવાની કરેલી કોશિશને પણ ભારતે ફગાવી હતી. વડાપ્રધાન મોદીએ ટ્રમ્પને ઓસાકા-જાપાન પ્રવાસ દરમિયાન મધ્યસ્થી કરવા કહ્યાનું ભારત સરકારે સાફ નકાર્યું હોવા છતાં પાકિસ્તાને એનું ગાણું ચાલુ રાખ્યું છે. કાશ્મીરનું કોકડું ચપટી વગાડતાં ઉકેલાઈ જાય એવું માનનારા અજ્ઞાનીઓ એને હિંદુ-મુસ્લિમ સમસ્યાનું સ્વરૂપ આપવાની કોશિશ કરે છે.

**૩૭૦ અને ૩૫ (એ)નાં મૂળ**

બંધારણના અનુચ્છેદ ૩૭૦ને અને એના આધારે ૧૯૫૪માં રાષ્ટ્રપતિના જાહેરનામા સ્વરૂપે આમેજ કરાયેલા અનુચ્છેદ ૩૫ (એ)ને દૂર કરી દેવાથી મામલો શમી જશે, એવો "નૅરેટિવ" (આભાસી માહોલ) દેશભરમાં ઊભો કરવાની કોશિશ થઈ રહી છે. ૩૭૦ અને ૩૫ (એ) બંને મુદ્દા સુપ્રીમ કોર્ટમાં વિચારાધીન (સબજ્યુડીસ) છે. ઈશાન ભારતનાં રાજ્યોમાં

- **કોકડું ચપટી વગાડતાં ઉકેલાઈ જવાના દાવા કરનારાઓ એને હિંદુ-મુસ્લિમ સ્વરૂપ આપવાની કોશિશમાં છે**
- **રાજ્યની પ્રજા ત્રાસવાદીઓ સાથે નથી, એમનાં આળાં દિલને દિલ્હી પોતીકાં ગણી ભરોસો કરે એ અપેક્ષા**
- **કાશ્મીરમાં સંપત્તિ ખરીદી શકાતી નથી એની કાગારોળ મચાવનારા વિકાસપુરુષો ઇશાન ભારતને જ ભૂલ્યા**
- **મુગટમણિ રાજ્ય રાજકીય રીતે સર કરવામાં તો હવેલી લેતાં ગુજરાત ખોવાનો વારો ના આવે એની ચિંતા**
- **પંડિત નેહરુ સરકારમાં હતા ત્યાં લગી ડો.આંબેડકરથી વિપરીત ડો.મુકરજીએ ૩૭૦નો વિરોધ કર્યો નહોતો**

૩૭૦ જેવો જ ૩૭૧મો અનુચ્છેદ અમલમાં છે. એ અન્વયે અરુણાચલ પ્રદેશ, મિઝોરમ કે નાગાલેન્ડમાં પણ બહારના ભારતીય નાગરિકો માટે સંપત્તિ ખરીદી શકાતી નથી. કાશ્મીરી પંડિતોના નેતૃત્વમાં જનઆંદોલનને પગલે મહારાજા હરિસિંહે ૧૯૨૭ અને ૧૯૩૨માં સંપત્તિ ખરીદી અને સરકારી નોકરી તેમજ શિક્ષણ સહાય માટે જે કાનૂની જોગવાઈઓ સ્ટેટ સબ્જેક્ટ ઍક્ટમાં કરી હતી એમાં ૩૫ (એ)નાં મૂળ પડેલાં છે.પંજાબના શીખો કાશ્મીરના ધંધા અને સંપત્તિ પર કબજો જમાવે નહીં એ માટે એ સુરક્ષાકવચ અપાયું હતું. આઝાદ ભારતના બંધારણની જોગવાઈઓમાં ૩૭૦ જેવી જ ૩૭૧ની જોગવાઈ ઈશાન ભારતનાં રાજ્યોમાં જ નહીં, ગુજરાત, મહારાષ્ટ્ર સહિતનાં અન્ય રાજ્યોમાં લાગુ કરાયેલી છે એ બહુ ઓછા લોકો જાણતા હશે.

**ચૂંટણીલક્ષી લાભ ખાટવાની વૃત્તિ**

૧૯૮૯થી કાશ્મીરમાંથી કાશ્મીરી પંડિતોએ સાગમટે હિજરત કરવી પડે એટલી હદે આતંકવાદ વકર્યો અને ત્રણેક લાખ જેટલા વિસ્થાપિતોના પુનર્વસનની બાંગો પોકારાયા પછી કેન્દ્ર અને રાજ્યમાં કોંગ્રેસ અને ભાજપની સરકારો પણ કાશ્મીરી પંડિતો માટે પૅકેજ જાહેર કરવા પૂરતી જ સીમિત રહી છે. વચનોની લહાણીમાં ચૂંટણીલક્ષી લાભ ખાટવાથી વિશેષ થતું નથી. પરિસ્થિતિ સામાન્ય કરવાના દાવાથી વિપરીત વધુ ૧૦,૦૦૦ સૈનિકો રાજ્યમાં ફરજ પર મૂકવા પડે છે. આગામી ઑક્ટોબર — નવેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી થવાનાં પડઘમ વગાડાય છે ત્યારે સદગત વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને અભિપ્રેત "ઈન્સાનિયત, જમ્હૂરિયત ઔર કશ્મીરિયત"ની આધારશિલા પર રાજ્યની પ્રજાનાં દિલ જીતવાને બદલે ચૂંટણી જીતવાની કવાયત વધુ થતી હોય, એવું જ લાગ્યા કરે છે.

**કાશ્મીર પ્રશ્ને નેહરુ-સરદાર સાથે**

રાજ્યના ઈતિહાસને અંધજનના હાથીની જેમ સૌ પોતપોતાની અનુકૂળતા મુજબ રજૂ કરવાની કોશિશ કરે ત્યારે સત્યનો ભોગ લેવાય એ સ્વાભાવિક છે. ૩ જૂન ૧૯૪૭ના રોજ છેલ્લા વાઈસરોય અને ગવર્નર-જનરલ લૉર્ડ માઉન્ટબેટને ભાગલાની જાહેરાત કરી. દેશી રજવાડાંને ભારત કે પાક સંઘમાંથી કોઈ એકમાં જોડાવાના વિકલ્પ ઉપરાંત સ્વતંત્ર રહેવાની મોકળાશ પણ હતી. એ જ મહિને શ્રીનગર ગયેલા માઉન્ટબેટન સાથે "જમ્મૂ-કાશ્મીરે પાકિસ્તાન સાથે જોડાવું હોય તો પણ ભારત વાંધો નહીં લે" એવો સંદેશ સરદાર પટેલે મહારાજા હરિસિંહને પાઠવ્યો હતો. જોકે રાજ્ય સાથેના પંડિત જવાહરલાલ નેહરુના ભાવનાત્મક સંબંધને કારણે જ સરદારે સક્રિયતા દાખવીને એને ભારત સાથે જોડવાના પ્રયાસો આદર્યા હતા. મુસ્લિમબહુલ જમ્મૂ-કાશ્મીરના લોકપ્રિય જનનેતા શેખ અબ્દુલ્લા ભારત સાથે જોડાણના આગ્રહી હતા અને ૨૨ ઑક્ટોબર ૧૯૪૭ના રોજ પાકિસ્તાન તરફથી કબાઈલીઓના આક્રમણને પગલે મહારાજા હરિસિંહને પોતાના સ્વતંત્ર સ્વિટ્ઝરલૅન્ડના સ્વપ્નને કોરાણે મૂકીને ૨૬ ઑક્ટોબર ૧૯૪૭ના રોજ પોતાના રજવાડાને ભારતમાં ભેળવવાની ફરજ પડી હતી. આ ઈતિહાસ સુવિદિત છે. હરિસિંહનું રજવાડું ભારતમાં વિલય પામ્યાથી એ ભારતનું અવિભાજ્ય અંગ હોવા છતાં આજે માત્ર ૪૬ % જેટલું જ જમ્મૂ-કાશ્મીર ભારતીય નિયંત્રણમાં છે. બાકીના વિસ્તારને પાકિસ્તાન અને ચીને ગેરકાયદે ગપચાવેલો છે. નિઝામે હૈદરાબાદનો કેસ સંયુક્ત રાષ્ટ્રમાંથી પરત ખેંચ્યો હતો, પરંતુ ભારતમાં વિલય પામેલા જમ્મૂ-કાશ્મીર અને પાકિસ્તાન સાથે જોડાઈને ભારતમાં ત્રણ મહિને પાછા ફરેલા જૂનાગઢનો વિવાદ હજુ સંયુક્ત રાષ્ટ્રમાં પડેલો છે.

**ઈતિહાસનું વિહંગાવલોકન**

પાકિસ્તાન જ નહીં, એના મિત્રો ચીન અને અમેરિકા સહિતના દેશો જયારે કાશ્મીર કોકડું કાયમ માટે ભારતના ગળામાં હાડકું બની રહે એ માટે એને આંતરરાષ્ટ્રીય મુદ્દો બનાવવાની વેતરણમાં છે. ઘરઆંગણે વર્તમાન કે પહેલાની ભારત સરકારો જ નહીં, તમામ રાજકીય પક્ષોએ પણ માત્ર રાજકીય લાભ ખાટવાની વૃત્તિ-પ્રવૃત્તિથી કાશ્મીર મુદ્દાને રંગીન વાઘા ચડાવવાને બદલે સર્વાનુમતિ સાધીને દેશના મુગટમણિ સમા રાજ્યની પ્રજાનાં દિલ જીતીને, પાકિસ્તાન અને ચીને ગપચાવેલા પ્રદેશને પરત મેળવવા ભગીરથ પુરુષાર્થ કરવો ઘટે. કેટલીક હકીકતોનું વિહંગાવલોકન પણ આ તબક્કે અનિવાર્ય છે: (૧) જમ્મૂ-કાશ્મીરના રાજવી મહારાજા હરિસિંહને પ્રાપ્ત અધિકાર મુજબ તેમણે અને પ્રજા વતી શેર-એ-કાશ્મીર શેખ અબ્દુલ્લાએ આ મુસ્લિમબહુલ રજવાડાને ભારત સાથે જોડાવાનું પસંદ કર્યું હતું. (૨) કાશ્મીર મુદ્દે વડાપ્રધાન નેહરુ અને નાયબ વડાપ્રધાન સરદાર કાયમ સાથે હતા. નેહરુએ શેખ સાથે અને સરદારે રાજ્યના મહારાજા સાથે વહેવારના કામની વહેંચણી કરી હતી. બંને વચ્ચેનો સત્તાવાર પત્રવ્યવહાર આ સાબિત કરે છે. (૩) જમ્મૂના હિંદુ નેતાઓએ રાજ્યને 'સૅક્યુલર ભારત' સાથે નહીં જોડાવાની આક્રમક ભૂમિકા લીધી હતી. ઑલ જમ્મૂ ઍન્ડ કશ્મીર રાજ્ય હિંદુસભા (રાજ્યમાં ભાજપનો પૂર્વ અવતાર)ની કારોબારી દ્વારા મે ૧૯૪૭માં ઔપચારિક ઠરાવ કરીને "વિલય અંગે મહારાજા જે કંઈ કરે તેને ટેકો આપ્યો હતો". નેશનલ કૉન્ફરન્સના અબ્દુલ્લાની ભૂમિકા ભારત સાથે જોડાવાની હતી,પણ એમનાથી અલગ થયેલી ઑલ જમ્મૂ ઍન્ડ કશ્મીર મુસ્લિમ કૉન્ફરન્સે રજવાડાને તત્કાળ સ્વતંત્ર જાહેર કરવાનો આગ્રહ સેવ્યો હતો. (૪) નેહરુ સરકારમાં કાયદામંત્રી અને બંધારણ મુસદ્દા સમિતિના અધ્યક્ષ હોવા છતાં બાબાસાહેબ ડૉ.ભીમરાવ આંબેડકરે જમ્મૂ-કાશ્મીર માટે અલગ દરજ્જા માટેનો અનુચ્છેદ ૩૭૦ (મુસદ્દામાં ૩૦૬-એ) ઘડવાનો સાફ ઈનકાર કર્યો હતો. ડૉ.આંબેડકરે તો નેહરુ સરકારમાંથી રાજીનામું આપ્યા પછી પહેલી લોકસભા ચૂંટણી ૧૯૫૧-૫૨ માટે પોતાના પક્ષના ચૂંટણી ઢંઢેરામાં કાશ્મીર ખીણ પ્રદેશમાં જનમત લઈને એ પાકિસ્તાનને સોંપવા સુધીની તૈયારી પણ દર્શાવી હતી. (૫)

**અનુસંધાન પાના નં ૭ પર**